'ફિરાક' ગોરખપુરી

કુમારપાળ દેસાઈ

પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ
૬૧૮

રૂ. ૧-૫૦

પરિચય

કેવી ૬૦૦ પુસ્તિકાઓ પ્રગટ થઈ ?

જે છસો પુસ્તિકાઓનું પ્રકાશન થયું છે તેનું વિષયવાર પૃથક્કરણ આ પ્રમાણે થઈ શકે : અર્થશાસ્ત્ર, આરોગ્ય, આંતરરાષ્ટ્રીય, રાજકારણ, ઇતિહાસ, ભૂગોળ, કળા (ચિત્ર, સંગીત, શિલ્પ અને અનુવાદ), કાયદો, ગાંધી સાહિત્ય, ઘર અને કુટુંબ, જીવનકથા, તત્ત્વજ્ઞાન, દેશવિદેશ, ધર્મ અને સંસ્કૃતિ, પત્રકારત્વ, પશુપંખી, પુરાતત્ત્વ, રાજ્યબંધારણ, ભાષા, સાહિત્ય (લગભગ તેની સમગ્રતામાં), માનસશાસ્ત્ર, રમતગમત, રાજકારણ, વનસ્પતિસૃષ્ટિ, વહીવટી તંત્ર, વિદેશી સંબંધો, વિજ્ઞાન (ભૌતિક, રસાયણ, અવકાશ વગેરે), વેપાર-ઉદ્યોગ, શિક્ષણ, સમાજશાસ્ત્ર, સંસ્થાઓ તથા સામાન્ય જ્ઞાન—આટઆટલા વિષયોને લગતી પુસ્તિકાઓ તે તે વિષયનું ઊંડું જ્ઞાન ધરાવતી સિદ્ધહસ્ત વ્યક્તિ પાસે, વાચકને વિષયનું આવશ્યક જ્ઞાન અને માહિતી અચૂક મળી રહે અને તે પ્રત્યે તેની પ્રબળ જિજ્ઞાસા તથા રસ જાગે એ દૃષ્ટિ પણ જળવાય એ રીતે, સમયસર અને માપસરના પ્રમાણમાં લખાવવી અને સામયિક સંદર્ભ પણ જળવાય એ રીતે પ્રસિદ્ધ કરવી તે અંતરની સૂઝ અને આયોજન-કૌશલ વગર અશક્ય છે.

(કૃષ્ણવીર દીક્ષિત, ‘જન્મભૂમિ’માં)

પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ

'ફિરાક' ગોરખપુરી

કુમારપાળ દેસાઈ

સંપાદક : વાડીલાલ ડગલી

પરિચય ટ્રસ્ટ, મુંબઈ

પ્રકાશક
યશવંત દોશી
પરિચય ટ્રસ્ટ
મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ,
નેતાજી સુભાષ રોડ,
મુંબઈ – ૪૦૦ ૦૦૨

મુદ્રક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય
અમદાવાદ – ૩૮૦ ૦૧૪

© કુમારપાળ દેસાઈ

પહેલી આવૃત્તિ ૧૯૮૪
રૂ. ૧–૫૦

મુખ્ય વિક્રેતા
નવજીવન ટ્રસ્ટ
પો. નવજીવન, અમદાવાદ – ૩૮૦ ૦૧૪
શાખા
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ
મુંબઈ – ૪૦૦ ૦૦૨

'ફિરાક' ગોરખપુરી

ઉર્દૂના પ્રગતિશીલ શાયરોની મુંબઈમાં મહેફિલ જામી હતી. સરદાર જાફરી, જાં નિસાર 'અખતર', 'સાહિર' લુધ્યાનવી, 'કૈફી' આઝમી જેવા શાયરો એમની શાયરી પેશ કરતા હતા. 'ફિરાક' ગોરખપુરીએ બુલંદ અવાજે એક શેર પેશ કર્યો :

મૌત ઈક ગીત રાત ગાતી થી
જિંદગી ઝૂમ ઝૂમ જાતી થી

આ શેર સાંભળતાં એમ લાગ્યું કે ફિરાક જિંદગી કરતાં મોતને વધુ પ્રાધાન્ય આપે છે, આથી મહેફિલના રંગમાં જોશભર્યાં અવાજે અલી સરદાર જાફરીએ કહ્યું, "ફિરાક સાહબ! ગુસ્તાખી માફ કરના. હમે આપ શેર સુનાઈ યે, બકવાસ નહીં."

ફિરાક કંઈ ગુસ્તાખી માફ કરે ખરા! એમણે તરત જ વળતો પ્રત્યુત્તર આપ્યો, 'મૈં તો શેર હી સુનાતા હૂં. બકવાસ તો આપ કરતે હૈં.''

આટલું કહીને ફિરાક ગોરખપુરીએ શેર-શાયરીને બદલે આખીય મહેફિલને જિંદગી અને મોત વિશેની તાત્ત્વિક વિચારણા એવી છટાદાર બાનીમાં કહી કે મહેફિલ શાયરીને બદલે ફિરાકના ચિંતનના રંગે રંગાઈ ગઈ !

આ પ્રસંગ ફિરાકના વ્યક્તિત્વનો સૂચક છે. ફિરાક આળા સ્વભાવના હતા. પોતાની ટીકા સહી શકતા નહીં. પણ જ્યારે તેઓ બીજાની ટીકા કરતા ત્યારે એમનામાં ક્વચિત્ કટુતા પણ આવી જતી. આમ છતાં અડધી સદી સુધી પોતાના સર્જનકાર્યથી ફિરાક ગોરખપુરીએ ઉર્દૂ કવિતાને એવી ઉત્કટ સંવેદનાથી સજાવી છે કે ઉર્દૂ સાહિત્યની તવારીખમાં એ અનોખી છાપ મૂકી ગઈ છે.

ફિરાકનો જન્મ ઈ. સ. ૧૮૯૬ની ૨૮મી ઑગસ્ટે ઉત્તર પ્રદેશના ગોરખપુરના શ્રીવાસ્તવ કાયસ્થ પરિવારમાં થયો હતો. શ્રીવાસ્તવ કાયસ્થ જ્ઞાતિ છેલ્લાં સાડા ચારસો

વર્ષથી ગોરખપુર જિલ્લામાં વસે છે. ફિરાકના પૂર્વજોને શેરશાહે પાંચ ગામ ભેટ આપ્યાં હતાં, આથી ફિરાકનું કુટુંબ એ પાંચ ગામના કાયસ્થ તરીકે ઓળખાતું હતું.

ફિરાકનું બાળપણ બીજાં બાળકોની જેમ ધીંગામસ્તીમાં વીત્યું, પરંતુ બાળપણમાં એમને કેટલીક બાબતો વિશેષ આકર્ષતી હતી. સૂર્યોદય, સૂર્યાસ્ત, સમીસાંજનું તાપણું, હરિયાળાં ખેતરો, અંધકારમય રાત્રિ — એ બધું એમને ખૂબ ગમતું હતું. કલાકો સુધી પ્રકૃતિને જોયા જ કરતા. નિશાળના એક શિક્ષક રોજ રાત્રે તુલસીદાસની રામાયણનો પાઠ કરતા હતા. ફિરાકનાં ભાઈબહેનોને આમાં રસ નહોતો પડતો. પરંતુ દસ વર્ષના ફિરાક તો મોડી રાત સુધી શિક્ષકની રામકથા સાંભળતા. એની તેમના ચિત્ત પર ઘણી ઊંડી છાપ પડી. તેઓ રામના પૂજારી ન બન્યા, પરંતુ જીવનભર તુલસીદાસ અને એમની રામાયણના પૂજક બની રહ્યા. આ સમયે મૌલવી ઇસ્માઈલનાં પાઠ્યપુસ્તકોમાં આવતું પૃથ્વીરાજ અને ઘોરી વચ્ચેનું યુદ્ધ-વર્ણન એમને બહુ ગમતું. પ્રેમચંદની વાર્તાઓ પણ એટલી જ હોંશથી વાંચતા.

ફિરાકના પિતા મુંસી ગોરખપ્રસાદ 'ઇબરત'ના ઉપનામથી શાયરી લખતા. આ સમયે પાઠ્યપુસ્તક અને અન્ય પુસ્તકોમાંથી અથવા લોકો પાસેથી જે ઉર્દૂ કવિતાનો ફિરાકને પરિચય થતો તેમાંથી ઘણી તો એમને શુષ્ક અને કર્ણકટુ લાગતી. પરંતુ એમાં જ્યાં ક્યાંય મધુરતા જોવા

મળતી ત્યાં એમનું હૃદય વિગલિતવેદ્યાન્તર (બીજા કશામાં રસ ન રહે તેવું) થઈ જતું. પોતાના પિતાની થોડી નજમ અને ગઝલ પણ મોઢે થઈ ગઈ હતી. આમ છતાં પોતાને ગળથૂથીમાંથી શાયરી મળી હતી એવી રૂઢિગત વાતનો ફિરાક અસ્વીકાર કરે છે. ફિરાક પહેલાં મૉડર્ન સ્કૂલમાં, પછી મિશન સ્કૂલમાં, ત્યાર બાદ જ્યુબિલી હાઈસ્કૂલમાં અભ્યાસ માટે ગયા. નવમા ધોરણમાં હતા ત્યારે અંગ્રેજ કવિ ગ્રેની કરુણપ્રશસ્તિ એટલી બધી ગમી ગઈ કે મહિનાઓ સુધી એનું રટણ કરતા રહ્યા. ૧૪–૧૫ વર્ષની ઉંમરે સ્વામી રામતીર્થનાં અંગ્રેજી ભાષણો વાંચ્યાં. એમાં વેદાન્ત પર આધારિત ધર્મસિદ્ધાંતોની જે તર્કબદ્ધ રજૂઆત હતી તે ખૂબ ગમી.

ફિરાક દસમા ધોરણમાં આવ્યા ત્યારે એમનાથી વધુ ગુણ મેળવનારા થોડાક વિદ્યાર્થીઓ હતા ખરા, પરંતુ લાંબા લાંબા અંગ્રેજી ફકરાઓનો એકસો શબ્દમાં સંક્ષેપ કરી શકે તેવા આખાય વર્ગમાં એકલા ફિરાક જ હતા. આ સમયે એમના ફોઈના દીકરા રાજકિશોર સહર સાથે ગાઢ દોસ્તી થઈ. રાજકિશોર ફિરાકને ત્યાં જ રહેતા હતા અને તેઓ મોડી રાત સુધી ફિરાકની સાથે ગુલઝાર-એ-નસીમનાં કાવ્યોનું પઠન અને અર્થઘટન કરતા. વળી ‘અમીર’ મીનાઈ અને બીજા કવિઓના સેંકડો શેર પણ કહેતા. આ વાતાવરણમાં ફિરાકની કાવ્યરુચિ ખીલવા લાગી.

એક દિવસ રાજકિશોર સહુર કવિ દાગનો એક શેર લઈને આવ્યા. શેર જરા કઠિન હતો અને તેનો મર્મ રાજકિશોરને તો નહીં, પણ એમના ગુરુ મિર્ઝા ફહીમ ગોરખપુરીને પણ સમજાતો નહોતો. શેર આ પ્રમાણે હતો :

દિલ હી તો હૈ ન આએ ક્યોં,
દમ હી તો હૈ ન જાએ ક્યોં,
મુઝ કો ખુદા જો સબ્ર દે
તુઝકો હસીં બનાએ ક્યોં ?

ફિરાક આ શેરનો અર્થ સમજી શક્યા. તેમણે કહ્યું કે અહીં પ્રેમી પ્રેમિકાના વર્તનથી ખૂબ દુઃખી અને અસંતુષ્ટ બની ગયો છે. એને ચીડવવા માટે પ્રેમિકા મજાકમાં કહે છે કે ભગવાન તને સબૂરી આપે. ત્યારે પ્રેમી કહે છે કે ઈશ્વરે તને આટલી સુંદર કેમ બનાવી કે જેને કારણે તને કહેવું પડે છે કે દિલ છે તો કેમ આવતી નથી અને અમારો દમ કેમ તૂટતો નથી! ફિરાકનું આ અર્થઘટન સાંભળીને રાજકિશોર એમને ભેટી પડ્યા.

૧૯૧૩માં ફિરાક સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટની પરીક્ષામાં બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયા અને અલ્લાહાબાદની મ્યોર સેન્ટ્રલ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. આ સમયે ઇતિહાસ, તર્કશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનમાં ફિરાકને રુચિ થઈ. ૧૯૧૪માં ફિરાકનાં લગ્ન થયાં. ફિરાકના પરિવારને દગો કરીને આ સંબંધ નક્કી કરવામાં આવ્યો હતો. એ સ્ત્રી માત્ર દેખાવથી જ નહીં, પરંતુ સ્વભાવથી પણ કુરૂપ હતી. ફિરાક પત્નીને

સાચી જીવનસાથી અને જિંદગીનો સહારો માનતા હતા. પરંતુ પ્રમાદી અને અણુઘડ પત્નીને કારણે ફિરાકનું લગ્ન-જીવન ભાંગી પડ્યું. લગ્ન પછી એક વર્ષ સુધી તેઓ રાત્રે ઊંઘી શક્યા નહીં. માનસિક અને શારીરિક દુર્દશાને કારણે ફિરાકને સંગ્રહણીનો રોગ થયો. આવી કપરી પરિસ્થિતિમાં પણ ફિરાકે એફ.એ.ની પરીક્ષા આપી અને આખા પ્રાંતમાં સાતમા ક્રમે આવ્યા. પોતાના આ કપરા સમયને યાદ કરીને ફિરાક એમ કહેતા કે બાળપણમાં જે વિદ્યા તરફની રુચિ હતી તેને કારણે જ તેઓ આ આકરી તાવણીમાંથી સફળપણે પસાર થઈ શક્યા અને પોતાનું ચિત્ત સ્વસ્થ રાખી શક્યા. સંગ્રહણીની ચિકિત્સાને માટે બી.એ.ની પરીક્ષા એક વર્ષ આપી નહીં. ૧૯૧૮માં તેઓ બી.એ. થયા અને એમના પ્રાંતમાં ચોથા ક્રમે આવ્યા. ત્રીજા ક્રમે ડૉ. ઝાકિરહુસેન હતા.

બી.એ.નું પરિણામ જાહેર થાય તે પહેલાં જ ફિરાકના પિતાનું અવસાન થયું. પિતાના અવસાન અગાઉ નાની બહેનની સગાઈ થઈ ચૂકી હતી. શોકગ્રસ્ત ફિરાકને નાની બહેનના લગ્નની તૈયારી કરવી પડી. બી.એ.નું પરિણામ આવ્યા પછી ફિરાકની ડેપ્યુટી કલેક્ટર તરીકે વરણી થઈ. આ વખતે પ્રથમ વિશ્વયુદ્ધ થતાં આઈ.સી.એસ.માં કેવળ ઇન્ટરવ્યૂથી ભરતી કરવાની સરકારને જરૂર ઊભી થઈ. ફિરાકે લખનૌમાં ઇન્ટરવ્યૂ આપ્યો અને એમાં પ્રથમ

સ્થાન પ્રાપ્ત કર્યું. પરંતુ ગાંધીજીના પ્રભાવ હેઠળ એમણે અસહકારની લડતમાં ઝંપલાવ્યું. સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ભાગ લેવા માટે એમને દોઢ વર્ષની કેદ થઈ. બીજા રાજકીય કેદીઓ સાથે એમને આગ્રાની જેલમાં મોકલવામાં આવ્યા.

આ કારાવાસ કાવ્યશાળામાં પલટાઈ ગયો. અહીં સાપ્તાહિક મુશાયરા થતા અને પ્રવચનો પણ યોજવામાં આવતાં. આ સમયે ફિરાકને પૈસાની જરૂર પડી. ઘરની સ્થિતિ તો એવી હતી કે ઘેરથી તો કશું મગાવી શકાય નહીં. આથી એમણે હિન્દી સામયિકો માટે કેટલાક લેખો લખીને વિખ્યાત વાર્તાકાર પ્રેમચંદને મોકલ્યા. જુદાં જુદાં સામયિકોમાં એ પ્રસિદ્ધ કરીને થોડી રકમ મેળવવા માગતા હતા. પ્રેમચંદે યોગ્ય રીતે જ મિત્રધર્મ અદા કર્યો. આ સમયે ટૉમસ હાર્ડી, ચાર્લ્સ ડિકન્સ, સર વૉલ્ટર સ્કૉટ અને જૉર્જ એલિયટની કૃતિઓ તેમ જ વર્ડ્ઝવર્થ, કીટ્સ અને ટેનિસનની અંગ્રેજી કવિતાનો અભ્યાસ કર્યો.

એક વાર જવાહરલાલ નેહરુ ફિરાકને ત્યાં અતિથિ થયા. એમણે ફિરાકની આર્થિક ભીંસ પારખી લીધી. તરત જ નેહરુએ ફિરાકને કહ્યું કે તમે અલ્લાહાબાદ આવીને અખિલ ભારતીય કૉંગ્રેસ કમિટીના સહાયક સચિવ તરીકે કામ સંભાળો. મહિનાનો અઢીસો રૂપિયાનો પગાર નક્કી થયો. ચારેક વર્ષ સુધી ફિરાક ગોરખપુરીએ સહાયક સચિવનું કામ કર્યું. આ સમયે એમણે કાવ્યરચનાઓ ઓછી કરી,

પરંતુ ઉત્તમ પુસ્તકોનું અધ્યયન કર્યું. એમાં પણ પ્રિન્સ કોપોટ્‌કિનનું 'મ્યુચ્યુઅલ એડ' નામનું પુસ્તક વાંચ્યું, જેણે માનવજીવન અને માનવતા વિશે ફિરાકમાં નવી શ્રદ્ધા જગાવી. ફિરાકના કેટલાક લોકપ્રિય શેર આ સમયે રચાયા. જેમ કે,

હમ સે ક્યા હો સકા મુહબ્બત મેં
ઔર તુમને તો બેવફાઈ કી,
ગરજ કે કાટ દિએ જિન્દગી કે દિન એ દોસ્ત
વો તેરી યાદ મેં હો યા તુઝે ભુલાને મેં.

૧૯૨૭માં કોંગ્રેસનું કાર્યાલય મદ્રાસ ગયું ત્યારે પં. જવાહરલાલ નેહરુ યુરોપના પ્રવાસે ગયા હતા. એમણે વિદેશથી ફિરાકને પત્રો લખ્યા. પાછળથી ફિરાકને એ બાબતનો ઘણો અફસોસ થયો કે પોતે એ પત્રો સાચવ્યા નહીં. ફિરાક હજી માંડ બી.એ. થયા હતા ત્યાં એમને લખનૌની ક્રિશ્ચિયન કૉલેજમાં એફ.એ. વર્ગના અધ્યાપક તરીકે નિયુક્તિ મળી ગઈ. એ પછી અંગ્રેજી વિષય લઈ ને એમ.એ.માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા. અલ્લાહાબાદની યુનિવર્સિટીમાં ફિરાકની અંગ્રેજીના અધ્યાપક તરીકે નિમણૂક થઈ. ત્રીસ વર્ષ સુધી અંગ્રેજી સાહિત્યનું અધ્યાપનકાર્ય કરીને ૧૯૫૮માં એ નિવૃત્ત થયા. આ સમયે કેટલાંય સાંસ્કૃતિક અને વિચારોત્તેજક પુસ્તકોનો અભ્યાસ કર્યો. શિક્ષક તરીકે ફિરાક વિદ્યાર્થીઓને માત્ર માહિતી કે વિગતો આપવાને બદલે એ કલાકૃતિની આંતરિક અનુભૂતિના વિશ્વમાં

લઈ જતા. શિક્ષણ સજીવ બને તે માટે જુદી જુદી વિદ્યાઓ સાથે સતત સંપર્ક રાખતા. શિક્ષણની પ્રવર્તમાન સ્થિતિ જોઈ-ને ઘણી વેદના અનુભવતા. વિદ્યાર્થી પદવી મેળવે છે, પણ એ પછી બેકારીનો ભય એને સતત ઉદાસીન રાખે છે. દેશના યુવાનોની આ દુર્દશા જોઈને ફિરાક બોલી ઊઠયા :

રિયાજ–એ–દહર મેં ઝૂઠી હંસી ભી હમને દેખી હૈ,
ગુલિસ્તાં દર બગલ હર ગુંચા ખંદા નહીં હોતા.

*

રિયાજ એ હિંદ કે નૌ ગુલ બકસ જાતે હૈ ખિલતે હી,
યહ હાથોં મેં કભી આઈના–એ–શબનમ નહીં હોતે.

ફિરાકને અધ્યાપનકાર્ય સ્વીકાર્યાંને આઠેક વર્ષ થયાં હતાં. આ સમયે એક વાર મજનૂ ગોરખપુરી અને પ્રેમ-ચંદની સાથે ફિરાક ગામડામાં રહ્યા હતા. ફિરાકે એમના ચિત્ત પર છાઈ ગયેલા નવલિકાના કથાવસ્તુની વાત કરી. બન્યું એવું કે થોડા સમય બાદ આ કથાનક પર આધા-રિત 'ગહના' નામની નવલિકા મજનૂ ગોરખપુરીએ લખી. સંજોગવશાત્ પ્રેમચંદજીએ પણ આ કથાવસ્તુને નજરમાં રાખીને 'આભૂષણ' નવલિકા લખી. સાહિત્યરસિકોને માટે એ સમસ્યા ઊભી થઈ કે આ બેમાંથી કઈ નવલિકા પહેલાં લખાઈ છે અને કોણે બીજાના કથાનકનો ઉપયોગ કર્યો છે ? મજનૂ ગોરખપુરીએ જાહેર કર્યું કે આ નવલિકાનું કથાવસ્તુ એમનું કે પ્રેમચંદનું કોઈનું નથી, પણ ફિરાક ગોરખપુરીનું છે !

ઈ. સ. ૧૯૧૬માં ફિરાક ગોરખપુરીએ પહેલી ગઝલ લખી. શરૂઆતમાં બે-ચાર ગઝલ હજરત 'વસીમ' મૌરાબાદીને બતાવી. એ પછી ક્યારેય કોઈનું માર્ગદર્શન લેવાની જરૂર ન પડી. વિશેષ તો ફિરાકની સાહિત્યિક કારકિર્દી પર મજનૂ ગોરખપુરી, પ્રેમચંદ અને ગદ્યકાર હજરત નિયાઝ ફત્તહપુરીની અસર જોવા મળે છે. ફિરાક ગાલિબ પાસેથી જીવનનું નીતર્યું દર્શન પામ્યા. વેદનાના લાવારસનો ધગધગતો અનુભવ મીર પાસેથી મળ્યો અને ઊર્મિનો ઊછળતો આવેગ મુસહફી પાસેથી પામ્યા. પહેલાં તો શેર કહેવા એ ફિરાકનો શોખ હતો. પણ પછી એ જિંદગીની તલાશનું એક માધ્યમ બની ગયા. એમની કવિતામાં વિચારની દૃઢતા અને હૃદયની ભાવુકતાનો વિલક્ષણ સુમેળ સધાયો. એક બાજુ આંતરિક સંઘર્ષ અને બીજી બાજુ જીવનની વિષમતા— એમ આંતર-બાહ્ય ભાવો એમની કવિતામાં તાણાવાણાની માફક ગૂંથાઈ ગયા. એમની કવિતામાં ક્યારેક પ્રેયસીના વિરહનો સૂર સંભળાય છે તો ક્યારેક વિશ્વની સંવેદના શબ્દદેહ ધારણ કરે છે. ફિરાકની શાયરીમાં જે વૈશ્વિકતા મળે છે તે વિષય, ભાવ, શબ્દપસંદગી અને સ્વરધ્વનિઓના ઉપયોગથી સર્જાય છે. ઉર્દૂ સાહિત્યમાં ફિરાક જેવો સ્વરધ્વનિનો ઉપયોગ ભાગ્યે જ બીજા કોઈએ કર્યો હશે.

'જુગનૂ' કાવ્યમાં ફિરાક તીવ્રતાથી માતૃપ્રેમ પ્રગટ કરે છે. માતાવિહોણું બાળક દાઈઓના હાથે ઊછર્યું છે.

આ દાઈઓએ એને એમ કહ્યું છે કે વર્ષાઋતુમાં આકાશ ઘનઘોર વાદળાંથી છવાઈ જાય ત્યારે—સંધ્યાકાળે ઊડતા આગિયાઓ ભટકતા આત્માઓના ભોમિયા બને છે. માતાના આત્માનો ભોમિયો બનવાની બાળકને ઇચ્છા છે:

તો માં કી ભટકી હુઈ રુહ કો દિખાતા રાહ
વો માં મૈં જિસકી મુહબ્બત કે ફૂલ ચુન ન સકા
વો માં મૈં જિસકે મુહબ્બત કે બોલ સુન ન સકા
વો માં કિ ભીંચકે જિસકો કભી મૈં સો ન સકા
મૈં જિસકે આંચલોંમેં મુંહ છિપા કે રો ન સકા
વો માં કિ ઘુટનોં સે જિસકે કભી લિપટ ન સકા
વો માં કિ સીને સે જિસકે કભી ચિપટ ન સકા

આવી માતાની પાસે પહોંચીને એના ભટકતા આત્માને ઘરનો રસ્તો બતાવું; મારાં રમકડાં, મારી કિતાબ અને મારા એકડિયા-ઢેકડિયા બતાવું એવી બાળકની ખ્વાહિશ હતી. મોટા થતાં બાળકને ખ્યાલ આવે છે કે આ તો મારું મન મનાવવા માટે આયાઓએ કરેલી બનાવટ હતી. એ પછી તે એને જૂઠ માને છે તેમ છતાં એ જૂઠ હસીન લાગે છે. મનમાં એમ થાય છે:

મૈં જુગનૂ બન કે તો તુઝ તક પહુંચ નહીં સકતા
જો કુછ હો સકે ઐ માં તૂ વો તરીકા બતા
તૂ જિસકો પા લે વો કાગજ ઉછાલ દૂં કૈસે
યે નજૂમ મૈં તેરે કદમોં મેં ડાલ દૂં કૈસે ?

ફિરાકની કવિતામાંથી પણ માતા જેવી હૂંફ અને ધબકતી આસાયેશ પ્રગટે છે. એમણે એક વાર કહ્યું હતું કે

દર્દભર્યાં અવાજમાં જો સુકૂન ન હોય તો તે કાવ્ય બને ખરું ? એ તો માત્ર ચીસ બની જાય છે.

મહેફિલ ઝૂમી ઝૂમીને વાહ વાહ પોકારી ઊઠે એવી સપાટી પરની જનમનરંજનની કવિતા ફિરાકમાં નહીં મળે. એની પાસેથી તો સદાય તસલ્લી મળતી રહે છે. કવિ કહે છે :

કરતે નહીં કુછ તો કામ કરના ક્યા આયે
જીતે જી જાં સે ગુજરના ક્યા આયે
રો રો કે મૌત માંગનેવાલોં કો
જીના નહીં આ સકા તો મરના ક્યા આયે ?

ફિરાકને પાંત્રીસ વર્ષ સુધી જિંદગી વિશેનું કોઈ સ્પષ્ટ દર્શન મળતું નથી. ક્યારેક ચિત્ત પર માનવીય પ્રણયની અસર થાય, પરંતુ એની સામે જીવનની વેદના અને મૃત્યુની બિભીષિકા દેખાય. જેટલી અધિક મહોબ્બત થતી એટલી જ અધિક નફરત થતી. જીવનની શરૂઆતમાં જ ગભરાટ, વિવશતા અને તન્હાઈનો એટલો તીવ્ર અનુભવ હતો કે ઘણા લાંબા સમય સુધી શું કરવું, તેનો નિર્ણય તે કરી શકેલા નહીં. પ્રારંભનાં પાંત્રીસ વર્ષની પોતાની જિંદગીની ઝાંખી બે-ચાર અશઆરમાં[1] પ્રગટ કરી છે :

ઈસી દિલકી કિસ્મતમેં તન્હાઈયાં થીં ?
કભી જિસને અપના-પરાયા ન જાના.
હજાર ગમ હો, નહીં ચાહતા કોઈ લેકિન-
કિ ઈસકે બદલે કોઈ ઔર જિંદગી હોતી.
યે સાકિનાને-દહર યહ ક્યા ઈજ્તિરાબ હૈ ?
ઈતના કહાં ખરાબ જહાને-ખરાબ હૈ.

---

૧. પંક્તિઓ

ફિરાકના અંગત જીવનમાં નીરવ એકાંત હતું. એક માત્ર પુત્રે યુવાનીમાં આત્મહત્યા કરી. બે પુત્રીઓમાંથી એક મૃત્યુ પામી અને બીજી એમનાથી ઘણી દૂર રહેતી હતી. નસીબ સામે ફિરાકને સતત ઝઝૂમવું પડ્યું. જીવનની પરીક્ષામાં ઉત્તમ કામયાબી હાંસલ કરી તેમ છતાં ખુશી તો હાથતાળી જ આપતી રહી. તેઓ કહેતા કે ભલે હું પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસ પાસ થતો હોઉં, પણ મારા કરતાં વધુ લાભ થર્ડ ક્લાસમાં પાસ થનારને મળે છે. સિદ્ધિ અને ખુશી એ ફિરાકને માટે જિંદગીમાં ક્યારેય એકસાથે ચાલનારી બાબત બની નહીં. આમ છતાં વિવાદાસ્પદ અને સંઘર્ષમય જીવનની સામે ફિરાક આખર સુધી ઝઝૂમતા રહ્યા. ગઝલમાં પોતાની આ ખુમારી પ્રગટ કરતાં તે કહે છે:

નસીબે ખુફ્તાકે[2] શાને[3] ઝિંઝોડ[4] સકતા હૂં,
તિલસ્પે[5] ગફલતે[6] કોનૈન[7] તોડ સકતા હૂં.
ન પૂછ હૈ મેરી મજબૂરિયોંમેં ક્યા કસબલ.[8]
મશીયતોંકી[9] કલાઈ મરોડ સક્તા હૂં
ઉબલ પડે[10] અભી આબેહયાતકે[11] ચશ્મે[12]
શરારો[13] સંગકો[14] ઐસા નિચોડ સકતા હૂં.

---

૨. સૂતેલા નસીબને ૩. ખભો ૪. ઢંઢોળવું ૫. જાદુઈ ૬. પ્રમાદ ૭. બંને લોક – આ લોક અને પરલોક ૮. શક્તિ ૯. દૈવી ઇરાદાઓ ૧૦. ફૂટી નીકળશે ૧૧. અમૃતજળના ૧૨. ઝરણાંઓ ૧૩. ચિનગારી ૧૪. પથ્થરને

ફિરાકની આગવી જીવનશૈલી, આક્રમક કે ટીકાખોર વર્તણૂક, નૈતિકતાના સ્વીકૃત ખ્યાલોનો અનાદર અને દારૂનું અતિ સેવન જેવી બાબતો એમની આસપાસ સતત વિવાદ જગાવતી રહી. અફવાઓ અને કૌભાંડો મહાન કવિ તરીકેની એમની પ્રતિષ્ઠાનો પીછો પકડતાં રહ્યાં. એમનું જીવન જોઈને કોઈને ઑસ્કર વાઈલ્ડનું જીવન યાદ આવી જતું, જોકે ફિરાક આવી બધી અફવાઓને 'ગટર રૂમર' તરીકે ફગાવી દેતા અને ક્યારેય એનાથી અકળાતા નહીં. આ મોટા ગજાના માનવીનું કેવળ વ્યક્તિત્વ જ વિવાદાસ્પદ નહોતું; એમના અભિપ્રાયો પણ સાહિત્યમાં સતત વિવાદ જગાવતા રહેલા. કવિ કે કવિતા વિશે જ નહીં, બલકે ભાષા, ધર્મ, રાજકારણ કે સમકાલીન સર્જકો વિશે ફિરાકના અભિપ્રાયો રસપ્રદ, ઉત્તેજક અને વિવાદાસ્પદ હતા. દરેક બાબત વિશે આગવો અભિપ્રાય ધરાવતા ફિરાક પોતાના વિચારોના સમર્થનમાં વાક્છટા સાથે જોરદાર દલીલો કરતા. અંગ્રેજી વિષયના અધ્યાપક તરીકે તેઓ અત્યંત લોકપ્રિય હતા. એમના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને આજના અગ્રગણ્ય પાકિસ્તાની વિવેચક મહમદ હસન અસ્કરી કહે છે કે ફિરાક ભાગ્યે જ અભ્યાસક્રમને નજરમાં રાખીને કશું શીખવતા હતા, પરંતુ તેમનાં વ્યાખ્યાનો તમને સાહિત્ય અને જીવનમાં એવી ઊંડી દૃષ્ટિ આપે, જે સમયસર કોર્સ પૂરો કરતા અધ્યાપકોની કલ્પના બહાર હોય ! નિવૃત્તિનાં ત્રણ વર્ષ અગાઉ એમને 'રિડરની' જગ્યા આપવામાં આવી હતી. ફિરાક ક્યારેય 'પ્રોફેસર'નું

પદ પામી શકયા નહીં. નિવૃત્તિ પછી પણ તેઓ જીવનપર્યંત યુનિવર્સિટીના બંગલામાં જ રહ્યા. એ બંગલામાં રહીને એમણે ઉર્દૂ કવિતાનાં સૂર (ટોન) અને આબોહવા બદલી નાખે તેવી ગઝલો લખી. કાવ્યધારાને વિચાર અને કલ્પનાના નવા પ્રદેશોમાં વહેવડાવી. તેઓ એમ કહેતા કે છેલ્લાં પચાસ વર્ષથી અનિદ્રાથી પીડાઉં છું. એમની મોટા ભાગની કવિતા મધ્યરાત્રિ પછી રચાયેલી હતી.

ફિરાકના આગમન પહેલાં ઉર્દૂ કવિતા પ્રણયના લાગણીવેડાથી નીતરતી હતી અને જીવનની નક્કર વાસ્તવિકતાથી ઘણી વેગળી હતી. માત્ર શરાબ અને શબાબ(સૌંદર્ય)ના સાંકડા વિષયવર્તુળમાં ઘૂમતી હતી. ફિરાક શાયરીને વ્યક્તિગત જીવનની ડાયરી માનતા નથી. ભાવની એકાદી અવસ્થાનું તીવ્રતાથી ગાન કરવાથી શાયરીનું કામ સરતું નથી. ફિરાકના મતે તો શાયરીમાં આપણે શું છીએ તે નહીં પણ આપણે શું થવા માગીએ છીએ તે પ્રગટ થવું જોઈએ. હુસ્ન કે ઇશ્કની વ્યક્તિગત ભાવનાઓનું મનોહર વર્ણન કરવા માત્રથી કવિતા બનતી નથી. આમ ફિરાક પ્રેમને ગહરાઈથી સ્પર્શે છે. એમને માટે પ્રેમ એ સ્થૂળ અનુભૂતિ જ નહિ, બલ્કે જીવનસાધનાની ભઠ્ઠીમાં તપી તપીને તૈયાર થયેલું કુંદન હતું. આથી જ ફિરાકની કવિતા સ્વકીય દર્દની વેદનાભરી અભિવ્યક્તિને બદલે સમષ્ટિના સૌંદર્યની ખોજનો અવિરત પ્રયાસ બની રહી છે. જિંદગીને અખિલાઈથી જોતા આ કવિ કહે છે :

ઐ જિંદગી-એ-ગમ તેરી વહશત[15] દેખી
તેરી નૈરંગી-એ-તબીયત[16] દેખી
ખુલતે નહીં તેરે ભેદ, મૈંને તુઝમેં
હંસ દેને કી રોતે-રોતે આદત દેખી.

ઝિંદાદિલ શાયર જિંદગીની વેદનાને જુએ છે. જીવનમાં ડગલે ને પગલે એનો અનુભવ થાય છે. ક્યારેક તેઓ ચીસો પાડીને કહે છે:

ખોતે હૈ અગર જાન તો ખો લેને દે
જો ઐસેમેં હો જાયે વો હો લેને દે
ઇક ઉમ્ર પડી હૈ સબ્ર ભી કર લેંગે
ઇસ વક્ત તો જી ભર કે રો લેને દે.

કવિ માને છે કે હસ્તીની આ રાત પસાર કરવાની જ છે. જિંદગી એ મહેફિલ નથી, પણ ઉજ્જડ કે વેરાન છે. માત્ર વેદનાની અભિવ્યક્તિ પર જ ફિરાક અટકતા નથી. જીવનનાં સુખ-દુઃખનાં ઝાંઝવાંની પેલે પાર આવેલા આત્મવિશ્વાસને ઓળખીને કહે છે:

કૈદ ક્યા, રિહાઈ ક્યા, હૈ હમીં મેં હર આલમ
ચલ પડે તો સહરા હૈ, રુક ગયે તો જિન્દાં હૈ.

અતિશય શૃંગાર આલેખતો 'દાગ' ફિરાકને ગમ્યો નહીં. એક કાળે 'ફાની' બદાયૂની દર્દ અને દુઃખનો સહુથી મોટો શાયર કહેવાતો, પણ એમાં રોવું અને તડપવું વિશેષ

૧૫. ગભરામણ ૧૬. વિચિત્રતા

હતું. આવી ઉર્દૂ કવિતાને જોઈને એક વાર તો ફિરાક બોલી ઊઠયા કે ઉર્દૂ કવિતામાં શરાબ છે, શરબત છે પણ અમૃત નથી. એને અ-મૃતતત્ત્વ તરફ વાળવાનો ફિરાકે પ્રયાસ કર્યો. શાયરીનું ફલક સંસ્કૃતિના વિવિધ આયામોને સ્પર્શે તેટલું વ્યાપક બનાવ્યું. એક અર્થમાં ફિરાક સમન્વયવાદી સંસ્કૃતિનો પ્રતિનિધિ છે. એણે એની ગઝલ અને નજમમાં હિંદીના પ્રચલિત શબ્દોનો સાહજિક રીતે સ્વીકાર કર્યો. કાળા ઘનઘોર આકાશમાં વીજળીની ચમક કવિને કૃષ્ણ તરફ આંખનો ઇશારો કરતી રાધા જેવી લાગે છે :

ચે કૈફે રંગેનઝારા, ચે બિજલિયોં કી લપક,
કિ જૈસે કૃષ્ણ સે રાધાકી આંખ ઈશારે કરે.

આ સમન્વયવાદી કવિએ હિન્દી સાહિત્યના રસ-વિધાનને ઉર્દૂ સાહિત્ય સાથે એકરૂપ કરીને તદ્દન નવીન સૌંદર્યબોધનું સર્જન કર્યું. ઉર્દૂ ભાષા એ બે સંસ્કૃતિઓના સમન્વયની પ્રક્રિયાઓનું પરિણામ છે તો ફિરાક એ સમન્વયનો પરિપાક છે. હિન્દી સાહિત્ય પાસેથી કાવ્યરૂપો અને સંસ્કૃત સાહિત્ય પાસેથી શૃંગારનિરૂપણની અસર ઝીલવા ઉપરાંત ફિરાકની કવિતામાં ભારતીય પુરાકલ્પનો અને પ્રતીકોનો સબળ વિનિયોગ છે. ભારતીય વિચાર અને ફિલસૂફીનો મોટો પ્રભાવ ફિરાકના સર્જન ઉપર પડયો છે. કેટલાક તો એમની લોકપ્રિયતાના એક કારણ તરીકે

આને ગણાવે છે. એમની રુબાઈઓમાં સંસ્કૃત સાહિત્યમાં મળતા શૃંગારનો અનુભવ થાય છે. એમનો હેતુ તો ભાવકોને દર્દે-હયાતનો અનુભવ કરાવવાનો છે :

હર એબ સે માના કિ જુદા હો જાએ,
ક્યા હૈ અગર ઇન્સાન ખુદા હો જાએ.
શાયર કા તો કામ બસ યે હૈ,
કુછ દર્દે-હયાત ઔર સિવા હો જાએ.

ઉર્દૂ શાયરીની પ્રેયસી હતી બેવફા વેશ્યા. ફિરાકે એને કોઠા પરથી નીચે ઉતારી. એના આશિકને રાત-દિવસની વેદના, વિરહ, તલસાટ અને આંસુમાંથી બહાર કાઢયો. ફિરાકનો આશિક ફરિયાદ કરે છે, પણ પોતાનું ગૌરવ જાળવીને. અગાઉનો કવિ પ્રેયસી માટે તડપતો હતો, પણ એની સાથે કશું તાદાત્મ્ય સાધ્યું નહોતું. એની પ્રિયતમા પોતાના પ્રિયતમ પ્રત્યે બેરુખી(ઉપેક્ષા)નો ભાવ દાખવતી હતી. આશિક માશૂકાની એક નજર માટે તડપતો હતો, પણ એણે પોતાની પ્રિયતમાને નજીકથી નિહાળી નહોતી, હૃદયથી જાણી નહોતી, બુદ્ધિથી નાણી નહોતી. ફિરાક પ્રિયતમા સાથેના તાદાત્મ્યનું મનભર ગાન કરે છે. એ એને નિહાળતો જ નથી, બલકે સ્પર્શે છે. આથી એમ કહેવાય છે કે ફિરાકે આધુનિક ઉર્દૂ ગઝલને નવી માશૂકા આપી. એની માશૂકાનું આલેખન કૃત્રિમ નહીં, પણ કલાત્મક છે. નિષ્પ્રાણ નહીં, બલકે જીવંત છે. આ જીવંત પ્રેયસીના

નખ, કેશ, સ્વભાવ અને પ્રેમનું ફિરાક સજીવ ચિત્રણ કરે છે. તેઓ કહે છે :

રસમેં ડૂબા હુઆ લહરાતા બદન ક્યા કહના,
કરવટેં લેતી હુઈ સુબ્હેચમન[૧૭] ક્યા કહના.
મદભરી આંખોંકી અસલાઈ નજર પિછલી રાત,
નિંદમેં ડૂબી હુઈ ચન્દ્રકિરન ક્યા કહના.
દિલકે આઈને મેં ઈસ તરહ ઉતરતી હૈ નિગાહ,
જૈસે પાનીમેં લચક જાયે કિરન ક્યા કહના.
તેરી આવાજ સવેરા તેરી બાતેં તડકા[૧૮],
આંખેં ખૂલ જાતી હૈ એજાઝેસખુન[૧૯] ક્યા કહના.

ઉર્દૂ સાહિત્યમાં પ્રણય વિશે શિષ્ટ અને સંકેતની ભાષામાં વાત થતી. સંસ્કૃત સાહિત્યનું આકંઠ પાન કરનાર ફિરાકનું શૃંગાર-નિરૂપણ ઉર્દૂ સાહિત્યમાં તદ્દન જુદું પડે છે. કેટલાકે આમાં કલામયતા જોઈ, તો કોઈને વાસ્તવ-આલેખનનો હિંમતભર્યો પ્રયાસ દેખાયો. ફિરાકની આવી કવિતા પર અશ્લીલતાનો આરોપ મૂકવામાં આવ્યો. આમ છતાં ફિરાક પ્રણય વિશેની પોતાની વિભાવના કાવ્યસર્જન મારફતે સતત પ્રગટ કરતા રહ્યા. ફિરાકના કહેવા પ્રમાણે એમણે આલેખેલો પ્રણય એ પ્લેટોનિક કે આધ્યાત્મિક પ્રણય નથી, એમાં શારીરિક તત્ત્વ પણ છે. ક્યાંક ફિરાક પ્રણયનું વ્યંજનરહિત સીધેસીધું આલેખન કરે છે. તેઓ કહે છે :

---

૧૭. બાગની સવાર ૧૮. બપોર ૧૯. ચમત્કારની વાત

યહ ભીગી મસેં રૂપકી જગમગાહટ
યહ મહકી હુઈ રસમસી[20] મુસ્કરાહટ
તુઝે ભીંચતે[21] વક્ત નાજુક બદન પર
વોહ કુછ જામયેનર્મકી[22] સરસરાહટ[23]

*

યહ વસ્લકા[24] હૈ કરિશ્મા કિ હુસ્ન જાગ ઉઠા,
તેરે બદનકી કોઈ અબ ખુદ આગ હી દેખે.
જરા વિસાલ કે[25] બાદ આઈના તો દેખ એ દોસ્ત,
તેરે જમાલકી[26] દોશીજગી[27] નિખર આઈ.

ફિરાક પ્રણયને જિંદગીની નક્કર વાસ્તવિકતા અને વૈશ્વિક સંદર્ભમાં રજૂ કરે છે. આમાં કોઈ શિકવા કે શિકાયત નથી :

સંયોગ વિયોગ કી કહાની ન ઉઠા
પાની મેં ભીગતે કંવલ કો દેખા
બીતી હોંગી સુહાગ રાતેં કિતની
લેકિન હૈ આજ તક કંવારા નાતા.

*

---

૨૦. રસભરી ૨૧. આલિંગન ૨૨. નરમ વસ્ત્રો ૨૩. સૂસવાટો ૨૪. મિલન ૨૫. મિલન પછી ૨૬. સૌંદર્યનું ૨૭. કૌમાર્યનું

ફિરાક તૂ હી મુસાફિર હૈ તૂ હી મંઝિલ ભી
કિધર ચલા હૈ મોહબ્બત કી ચોટ ખાયે હુએ.

ફિરાકના કહેવા પ્રમાણે પ્રણયની શાયરી રચવા માટે ભાવુકતા, હૃદયની કોમળતા કે આશિક અથવા શાયર થવું જ પૂરતું નથી, બલકે પ્રણયની ઉત્તમ શાયરી માટે સ્વયંભૂ પ્રેરણા, વ્યાપક જીવનદર્શન અને સંસ્કૃતિથી ઘડાયેલાં દિલ અને દિમાગ હોવાં જોઈએ. પ્રેમને એ માનવીની સૌથી મોટામાં મોટી સક્રિયતા માનતા હતા. પરંતુ સંયોગ કે વિપ્રલંભ પ્રણયને કાવ્યના વિષય તરીકે રાખવાને બદલે પ્રણયનું એક અનુભવ લેખે સ્થૂલ અને સૂક્ષ્મ એમ બંને પ્રકારનાં રૂપ પ્રગટ કર્યાં.

ફિરાકના પ્રણય-આલેખનની માફક એના પ્રકૃતિ-આલેખનમાં આગવી વિશેષતા જોવા મળે છે. વેગીલી કલ્પના દ્વારા એ કુદરતનો ધબકાર ઝીલે છે. ભારતીય વાતાવરણના પરિવેશમાં એમનું પ્રકૃતિ-આલેખન જોવા મળે છે. આથી એમની ઉપમા અને કલ્પના ઉર્દૂ સાહિત્યમાં આગવી સૃષ્ટિ સર્જી જાય છે. પુરુષ અને પ્રકૃતિ એમના સર્જનમાં વેગળાં રહેતાં નથી. બલકે પુરુષ એના લોહીમાં પ્રકૃતિનો ધબકાર અનુભવે છે. વિશ્વનું અખિલાઈથી દર્શન કરતા ફિરાક ઇષ્ટની સાથે અનિષ્ટને પણ જોઈ શકે છે. માનવી એ તેજ-અંધારનું પૂતળું છે. એનામાં ઈશ્વર અને શયતાન બંને વસેલાં છે. ફિરાક જેટલી ઉત્કટતાથી કાવ્ય માં

આનંદનું ગાન કરે છે એટલી જ ઉત્કટતાથી વિષાદનું આલેખન કરે છે. પરંતુ એમનો વિષાદ કોઈ વ્યક્તિગત વેદનાનો સૂર બનવાને બદલે સમષ્ટિગત ભાવ સાથે અનુસંધાન સાધે છે. આમ, ફિરાક ગોરખપુરીની કવિતામાં એક પ્રકારનો યુગબોધ જોવા મળે છે.

ફિરાકના પ્રારંભિક કાવ્યસર્જન પર કેટલાક કવિઓનો પ્રભાવ જોવા મળે છે. 'આસી' ગાઝીપૂરીની રુબાઈઓથી પ્રભાવિત થઈને તે રુબાઇયાત લખવા લાગ્યા હતા. ત્યાર બાદ 'જોશ' મલિહાબાદી અને મોમિનના સર્જનનો રંગ એમની કૃતિઓમાં જોવા મળતો, પરંતુ એ પછી એમની કાવ્યપ્રતિભાએ આગવું જ રૂપ ધારણ કર્યું. ફિરાક ઉર્દૂ કવિતામાં સેન્દ્રિયતા અને આવેગશીલતાને બદલે બૌદ્ધિકતા અને સૂક્ષ્મતા લાવ્યા.

ફિરાક ઉર્દૂ સાહિત્યના કલાસિકલ ગઝલકાર ગણાય છે. પણ માત્ર ગઝલમાં જ નહીં, બલકે રુબાઈયાતમાં પણ એમણે અનોખું સર્જન કર્યું છે. તેમણે ગઝલની આબોહવા બદલી નાખી તો રુબાઈયાતને નવું રૂપ આપ્યું. જેમ કે,

હૈ રૂપમેં વો ખટક, વો રસ, વો ઝંકાર,
કલિયોં કે ચટકતે વક્ત જૈસે ગુલઝાર;
યા નૂર કી ઉંગલિયોં સે દબી કોઈ,
જૈસે શબે-માહ મેં બજાતી હો સિતાર.

પિસાતા અને કચડાતા માનવી માટે ફિરાકના દિલમાં પારાવાર હમદર્દી છે. **ભવોભવથી ભટકી રહેલા** આ માનવી-ને જિંદગીની નિર્દય પછાટો ખાવી પડે છે તેમ છતાં એણે પરાજય સ્વીકાર્યો નથી. માનવીય મથામણનું ફિરાકને મન મોટું ગૌરવ છે:

હજારો ખિઝા પૈદા કર ચુકી હૈ નસ્લ આદમી કી,
યે સબ તસ્લીમ લેકિન આદમી અબ તક ભટકતા હૈ.

માનવીની મુસીબતોને એ જુએ છે, પણ એનો સામનો કરવાના ખમીર અંગે ફિરાક આશાવાદી છે:

મંજિલ કો જગા લેંગે જહાં પાંવ ધરેંગે,
હમ જિન્દા થે, હમ જિન્દા હૈ, હમ જિન્દા રહેંગે.

ફિરાક કલા ખાતર કલામાં માનનારા કવિ છે. જેનું અંતરંગ અને બહિરંગ સુંદર હોય તે કવિતા, એમ તે માને છે. વળી આ ભાવુક પ્રકૃતિનો કવિ ક્યારેક પ્રણયના આવેગથી ધસમસતી ગઝલ કહે છે, તો ક્વચિત્ ચોપાસ-ના જીવનથી પ્રભાવિત થઈને એકાએક ઇન્કલાબી નજમ કહેવા માંડે છે. વળી એવામાં પ્રિયતમા યાદ આવી જાય તો પ્રેમની સરવાણી ફૂટી નીકળે છે. ફરમાયશી લખાણ લખવાના તેઓ વિરોધી છે. હૃદયમાં જાગેલો ઊર્મિધબકાર શબ્દદેહ ધારણ કર્યા વિના રહી શકે નહીં ત્યારે જ તેઓ લેખિની ચલાવે છે. એમણે એક પત્રમાં નિયોજને લખ્યું કે, જેમ રુદન કરવાથી કોઈ ફાયદો નથી, તેમ છતાં

આંખમાં આંસુ ઊમટી આવે છે, તેવી જ રીતે મજબૂરી અને માયુસી(નિરાશા)ને કારણે ગઝલ રચાઈ જાય છે.

ફિરાક ગોરખપુરીએ એમની ગઝલ, રુબાઈઓ અને નજમોમાં નવા નવા શબ્દો આપ્યા, અનોખી ઉપમાઓ આપી અને મુગ્ધ કરે તેવી કલ્પનાની રંગલીલા આલેખી. આથી જ એમની કવિતા પર મોહમિલ(અર્થહીન દુર્બોધતા)નો આરોપ મૂકવામાં આવ્યો. ફિરાકે અગણિત કવિતાઓ, ગઝલ, રુબાઈ અને મુક્તકો (કતઆત) લખ્યાં છે. તેઓ ઉચ્ચ કોટિના સમીક્ષક પણ છે, છતાં વિશેષ તો ગઝલમાં, અને તેમાં પણ ગઝલના શેરમાં એમનું પ્રદાન વિશિષ્ટ છે. તેમના શેરની સંખ્યા સેંકડો સુધી પહોંચે છે અને તેની સાહિત્યિક ગુણવત્તા ઘણી ઊંચી છે. આવા કેટલાક શેર જોઈએ :

શામ ભી થી ધુઆં-ધુઆં, હુસ્ન ભી ઉદાસ-ઉદાસ,
દિલ કો કઈ કહાનિયાં યાદ સી આ કર રહ ગઈ.

*

મૈં દેર તક તુઝે ખુદ હી ન રોકતા લેકિન,
તુ જિસ અદા સે ઉઠા હૈ ઉસી અદા કા રોના હૈ.

*

કૌન યે લે રહા હૈ અંગડાઈ,
આસમાનોં કો નીંદ આતી હૈ !

*

હમસે ક્યા હો સકા મુહબ્બત મેં ?
તુમને તો ખૈર બેવફાઈ કી.

*

મુઝે ખબર નહીં હૈ એ હમદમો, સુના યે હૈ
કિ દેર-દેર તક અબ મૈં ઉદાસ રહતા હૂં.

*

બના કર હમકો મિટ જાતે હૈ ગમ ભી શાદમાની[૨૮] ભી
હયાતે-ચંદ-રોજા[૨૯] હૈ હકીકત[૩૦] ભી કહાની ભી !

*

મુનાસબત ભી હૈ કુછ ગમ સે મુઝકો એ દોસ્ત
બહુત દિનોં સે તુઝે મહરબાં નહીં પાયા.

*

ન કોઈ વાદા, ન કોઈ યકીં, ન કોઈ ઉમીદ
મગર હમેં તો તેરા ઈન્તિજાર કરના થા.

ફિરાકે ગઝલના હાર્દને જાળવીને પ્રયોગો કર્યાં. વિખ્યાત શાયર 'જિગર' મુરાદાબાદીએ એક વાર એમ કહ્યું કે આ કવિના એકેએક કાવ્યમાં એની શૈલી બદલાઈ જાય છે. ત્યારે ફિરાકે ઉત્તર આપ્યો કે મહાન કવિઓ વૈવિધ્ય ધરાવતા હોય છે. એમની કવિતા પર ખરબચડી અભિવ્યક્તિ અને ભાષાવૈચિત્ર્યનો આરોપ મુકાયો છે. પરંતુ ફિરાકના કહેવા પ્રમાણે એમનો ભાવ એટલો સૂક્ષ્મ અને છટકણો હોય છે કે તે કોઈ દઢ સીમામાં કે પરંપરાગત

૨૮. હર્ષ ૨૯. ચાર દિવસનું જીવન ૩. વાસ્તવિકતા

ચીલે પ્રગટ થઈ શકતો નથી. તેઓ ભાવકને કૃતિની આકૃતિની પળોજણમાં પડવાને બદલે તેના અંતસ્તત્ત્વને ચકાસવાનું કહે છે.

ફિરાક ગોરખપુરીને આધુનિક ઉર્દૂ સાહિત્યના સૌથી સમર્થ 'ગઝલ-ગો[31] શાયર' માનવામાં આવે છે. મનોભાવનું વેધક આલેખન, વેગીલી કલ્પના, ભારતીય ભાષાઓની છાંટ ધરાવતી અલંકારસમૃદ્ધિ, હિન્દી અને ઉર્દૂ રૂપોનો સમન્વય તેમ જ પ્રેમ અને સૌંદર્યની મનોવૈજ્ઞાનિક સૂક્ષ્મતા ફિરાક જેવી ઉર્દૂ સાહિત્યમાં અન્યત્ર કવચિત જ મળે છે. સર્જકની ભાવુકતા સાથે ચિંતનનો સુમેળ સાધીને તેઓ માત્ર પ્રભાવક બળ જ બની રહ્યા નથી, પરંતુ પોતાની સાહિત્યિક વિભાવનાને કલાકૃતિમાં સફળ રીતે સાકાર કરી શક્યા છે.

પ્રયોગશીલ ફિરાક ગોરખપુરીએ જે નવું કલાજગત આપ્યું તેમાં કેટલાકને સાહિત્યિક બળવાની ગંધ પણ આવી. 'અસર' લખનવી જેવા પરંપરાગત શાયરી સાથે સંબંધ ધરાવનારા શાયરોને તો ફિરાકની શાયરી અપરિચિત અને અસંબદ્ધ લાગે છે. એમણે ફિરાકના શેરને 'કાણા, લૂલા અને લંગડા શેર' સિદ્ધ કરવાના પ્રયત્નો કર્યાં તો કોઈએ છંદને નહીં ગાંઠતા આ કવિ પર શિથિલ છંદરચના, ભાષાનું કઢંગાપણું અને શિખાઉ જેવી શૈલીનો આક્ષેપ કર્યો.

---

૩૧. કહેનારો

એક બાજુ ફિરાકની આવી ટીકા થતી હતી, તો બીજી બાજુ એની સાહિત્યિક પ્રતિભાનો આદર કરનારો વર્ગ પણ ઊભો થયો. ખુદ ફિરાક આમાં ઝુકાવીને આવા વિવાદોમાં સક્રિય રીતે ભાગ લેવા માંડયા. તેઓ એવી દૃઢ માન્યતા ધરાવતા કે કલાકારે એની સાહિત્યિક રુચિની ઓળખ માટે અને એની સર્જનાત્મકતાને અનુકૂળ વાતાવરણ સર્જવાને માટે આવા વિવાદોમાં જાતે જ ઝુકાવવું જોઈએ. પાકિસ્તાનમાં ઇસ્લામી અને રુહાની (આધ્યાત્મિક) સાહિત્યનો જોરશોરથી નારો પોકારવામાં આવ્યો, ત્યારે એમણે પોતાનો અભિપ્રાય સ્પષ્ટ રીતે પ્રકટ કર્યો. ફિરાકની ગણના સામ્યવાદમાં વિશ્વાસ ધરાવનારા પ્રગતિશીલ સાહિત્યકારોમાં થતી હતી. પરંતુ જ્યારે એમણે જોયું કે પ્રગતિશીલ સાહિત્યકાર સંકુચિતતાનો શિકાર બને છે અને સમૃદ્ધ પ્રાચીન વારસાની ઉપેક્ષા કરે છે, ત્યારે તેમણે ચેતવણી આપતાં કહ્યું કે, વિશ્વના સૌથી પ્રાચીન પુસ્તક ઋગ્વેદથી માંડીને ટેનિસન, સ્વિનબર્ન, ટોલ્સ્ટોય, ટાગોર, ગાલિબ અને ઇકબાલના સાહિત્યમાં જે કલાત્મક ચમત્કાર છે, એનાથી પ્રગતિશીલ સાહિત્યકાર વિમુખ રહેશે તો તે માત્ર પ્રગતિશીલતાના ઉદ્દેશને આધારે મહાન સાહિત્યનું સર્જન કરી શકશે નહીં. પ્રાચીન સાહિત્યના આત્માને એમણે આત્મસાત્ કરવો જોઈએ. માત્ર પ્રાચીન સાહિત્યના અધ્યયનથી આ પ્રાપ્ત થશે નહીં, બલકે આ માટે એના આત્મા સુધી પહોંચવું પડશે. તેમણે કહ્યું કે જો પ્રાચીન

સાહિત્યના હાર્દને પામી શકીશું નહીં તો આપણું સાહિત્ય પ્રગતિશીલ હોવા છતાં કપાયેલા પતંગ જેવું દિશાશૂન્ય બની રહેશે.

આમ, ફિરાક ગોરખપુરીમાં પરંપરાની સમૃદ્ધિ અને પ્રયોગનું સામર્થ્ય બંને પ્રગટ થાય છે. આવું સંયોજન આપણા સમયમાં ભાગ્યે જ જોવા મળે છે. મીર તકી મીર અને મિરઝા ગાલિબને બાદ કરતાં ફિરાક ગોરખપુરીને ઉર્દૂ ગઝલના ઉત્તમ રચયિતા માનવામાં આવે છે. એમના સર્જનવૈશિષ્ટયને જોઈને એમની જ એક પંક્તિ યાદ આવે છે :

હજાર બાર જમાના ઇધર સે ગુજરા હૈ
નઈ નઈ સી હૈ કુછ તેરી રહગુજર ફિર ભી.

૧૯૪૩ના ઑગસ્ટ મહિનામાં અલ્લાહાબાદની સિવિલ હૉસ્પિટલમાં તેઓ સારવાર લેતા હતા. આ સમયે સિવિલ હૉસ્પિટલમાં માત્ર ઉચ્ચ અધિકારીઓને જ પ્રવેશ મળતો હતો. ફિરાક લાંબા સમયની બેહોશી પછી જાગ્યા ત્યારે ગંભીર હાલતમાં પણ પોતાની કવિતા સંભળાવ્યા વગર ન રહ્યા. કવિતા સંભળાવતાં પહેલાં એમણે મિત્રોને કહ્યું, “કેવી છે આ હૉસ્પિટલ, જ્યાં દરેક વ્યક્તિ સજ્જન બનીને પથારીમાં સૂતી છે. આ તો સાહેબ લોકોની હૉસ્પિટલ છે ને તેથી. પરંતુ જ્યારથી હું આ હૉસ્પિટલમાં આવ્યો છું ત્યારથી એમાં જીવ આવ્યો છે. હવે હૉસ્પિટલના

સ્ટાફને એમ લાગે છે કે કોઈ આદમી આવ્યો છે હૉસ્પિટલમાં."

અને હકીકતમાં હૉસ્પિટલના શાંત અને ગમગીન વાતાવરણને ફિરાકની હાજરી મુશાયરાની મહેફિલમાં બદલી નાખતી. એમાંય ફિરાક મુશાયરાના જલસાનો પ્રાણ ગણાતા હતા. લોકો એમને સાંભળવા બેચેન રહેતા. વીજળી જતી રહી હોય તેમ છતાં મેદની એમ ને એમ બેસી રહેતી અને કલાકો સુધી ફિરાકને સાંભળ્યા કરતી.

'ફિરાક' તખલ્લુસનો અર્થ છે વિખૂટા પડવું. એમણે જીવન અને મૃત્યુ બંનેમાં પોતાનું તખલ્લુસ સાર્થક કર્યું. છેલ્લાં ૬૦ વર્ષમાં ૪૦,૦૦૦ શેર લખ્યા. ઉર્દૂ સાહિત્યની જીવંત દંતકથા જેવું એમનું વ્યક્તિત્વ બની રહ્યું. માત્ર પદ્મભૂષણથી જ નહીં, પણ સાહિત્ય અકાદમી એવૉર્ડ અને સોવિયત લૅન્ડ નેહરુ પ્રાઇઝ તો મેળવ્યાં, પરંતુ એથીય વિશેષ તો ભારતીય નોબેલ પ્રાઇઝ સમો જ્ઞાનપીઠ પુરસ્કાર (૧૯૬૯) મેળવનારા પ્રથમ અને આજ સુધીના તેઓ એક માત્ર ઉર્દૂ લેખક હતા. પરંતુ કોઈ પણ ખિતાબ એમની કવિતા કરતાં મહાન નથી. આ વિગતો એ પુરવાર કરે છે કે ફિરાક એ માત્ર ઉર્દૂ સાહિત્યના જ નહીં પણ ભારતીય સાહિત્યના સર્જક હતા. ૧૯૮૨ની ત્રીજી માર્ચે, ૮૬ વર્ષની વયે ઉર્દૂ સાહિત્યના આ યુગસર્જક કવિએ

કાયમી વિદાય લીધી ત્યારે સાહિત્યની દુનિયાને એવો અનુભવ થયો કે—

બડે ગૌર સે સુન રહા થા જમાના,
તુમ્હીં સો ગયે દાસ્તાં કહતે કહતે.

પરંતુ ફિરાકે તો છેલ્લે આનો ઉત્તર આપી જ દીધો છે :

અબ તુમસે રૂકસત લેતા હું આઓ સંભાલો સાઝે ગઝલ,
નયે તરાને છેડો, મેરે નગ્મોં કો નીંદ આતી હૈ.

પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ

વર્ષ છવ્વીસમું – ૧૯૮૪

૬૦૧ રાષ્ટ્રીય માન-ચાંદ અને ઇનામો	ચંદ્રકાન્ત શાહ
૬૦૨ ઇતિહાસ શું છે?	નગીનદાસ સંઘવી
૬૦૩ ચામડીના રોગો	વૈદ્ય નવીનભાઈ ઓઝા
૬૦૪ ઑરવેલ અને નાઇન્ટીન એઇટી-ફોર	વાડીલાલ ડગલી
૬૦૫ સાચી જોડણી અઘરી નથી	યશવંત દોશી
૬૦૬ રવિશંકર મહારાજ	વનમાળા દેસાઈ
૬૦૭ લીઝિંગ કંપની શું છે?	સ્નેહલ મુઝુમદાર
૬૦૮ પેટનાં દરદોની તપાસ	ડૉ. અરવિંદ જે. ડગલી
૬૦૯ કરોડરજ્જુના રોગો	ડૉ. રઘુભાઈ શાસ્ત્રી
૬૧૦ આત્મરક્ષણના અધિકારો	કેશવલાલ મ. શાહ
૬૧૧ કમળા વિશે આટલું જાણજો	ડૉ. અરવિંદ જે. ડગલી
૬૧૨ ઉત્પાદકતાનો બગાડ	રામુ પંડિત
૬૧૩ ભારત આંકડામાં – ૧૯૮૪	કૉમર્સ રિસર્ચ બ્યૂરો
૬૧૪ સુગમ સંગીત	અજિત શેઠ
૬૧૫ ફિલ્મ સેન્સરશિપ	મહેન્દ્ર વા. દેસાઈ
૬૧૬ પ્રૉવિડન્ટ ફંડ	રતુભાઈ કોઠારી
૬૧૭ સૌન્દર્ય માટે થતી ક્રૂરતા	નલિની ઝ. મહેતા
૬૧૮ 'ફિરાક' ગોરખપુરી	કુમારપાળ દેસાઈ
કાલિદાસ	ઉમાશંકર જોશી
કસ્તૂરબા	મોરારજી દેસાઈ
લૅટિન અમેરિકા	સુભાષચંદ્ર સરકાર
મૈથિલીશરણ ગુપ્ત	જયેન્દ્ર ત્રિવેદી
માનસચિકિત્સા	ડૉ. પરેશ લાકડાવાળા
દક્ષિણ એશિયા	જિતેન્દ્ર સંઘવી
પરિચય પુસ્તિકાનાં પચીસ વર્ષ	કૃષ્ણવીર દીક્ષિત

છૂટક નકલ રૂ. ૧–૫૦

વાર્ષિક લવાજમ રૂ. ૩૦ : પરદેશમાં રૂ. ૭૫ : આજીવન લવાજમ રૂ. ૫૦૦

પ રિ ચ ય ટ્ર સ્ટ

મહાત્મા ગાંધી મેમૉરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, મુંબઈ – ૪૦૦ ૦૦૨

કુમારપાળ બાલાભાઈ દેસાઈ

કુમારપાળ બાલાભાઈ દેસાઈનો જન્મ ૧૯૪૨ના ઑગસ્ટની ૩૦મીએ રાણપુરમાં થયો હતો. તેમણે ૧૯૬૩માં ગુજરાત યુનિવર્સિટીની બી.એ.ની અને ૧૯૬૫માં એમ.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી. તે પછી તેમણે ત્યાંથી જ પીએચ.ડી.-ની ડિગ્રી પણ મેળવી છે. ૧૯૬૫થી તેમણે અમદાવાદની નવગુજરાત આટ્ર્સ કૉલેજમાં અધ્યાપક તરીકે કામ કર્યું. ૧૯૮૨થી તેઓ ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવનમાં ગુજરાતીના અધ્યાપક છે.

શ્રી દેસાઈ ગુજરાતી સાહિત્ય પરિષદના સેક્રેટરી, ગુજરાત સાહિત્ય અકાદમીના સભ્ય અને સૌરાષ્ટ્ર તથા ભાવનગર યુનિવર્સિટીઓના પત્રકારત્વના અભ્યાસક્રમની સલાહકાર સમિતિના સભ્ય છે.

તેમણે સંશોધન, વિવેચન, સંપાદન, પ્રૌઢસાહિત્ય, બાલસાહિત્ય, પત્રકારત્વ અને ક્રિકેટનાં પુસ્તકો લખ્યાં છે. તેમણે એક નવલિકા સંગ્રહ પણ પ્રગટ કર્યો છે. તેમનાં 'આનંદઘન – એક અધ્યયન' (વિવેચન), 'અપંગનાં ઓજસ' (ચરિત્ર), 'નાની ઉંમર, મોટું કામ' (બાલસાહિત્ય), 'અખબારી લેખ' (પત્રકારત્વ), 'ભારતીય ક્રિકેટ', 'ક્રિકેટનાં વિશ્વવિક્રમો' અને 'ક્રિકેટ રમતાં શીખો'– ભાગ ૧–૨ એ પુસ્તકો ઉલ્લેખનીય છે. 'નાની ઉંમર, મોટું કામ'ને એન.સી.ઈ.આર.ટી.ની બાલસાહિત્યની રાષ્ટ્રીય સ્પર્ધામાં રૂ. ૫,૦૦૦નું પારિતોષિક મળ્યું હતું. તેમની બીજી અનેક કૃતિઓને વિવિધ પુરસ્કારો પ્રાપ્ત થયા છે.

તેઓ ધર્મચિંતન, પ્રસંગચિત્રો, વ્યક્તિચિત્રો, રમતગમત વગેરેને લગતાં સંખ્યાબંધ કૉલમો 'ગુજરાત સમાચાર'માં તથા કેટલાંક સામયિકોમાં લખે છે. ઉપરાંત અનેક સામયિકોમાં તેઓ લેખો પણ લખે છે. તેઓ ૧૯૬૧થી 'ગુજરાત સમાચાર'ના રમત વિભાગના સંપાદક છે.

તાજેતરમાં તેમણે બ્રિટન અને અમેરિકાનો પ્રવાસ કરી ત્યાં ધર્મ અને સાહિત્યને લગતાં વ્યાખ્યાનો આપ્યાં હતાં.

કુમાળપાળ દેસાઈએ ૧૯૬૬માં પ્રતિમા પ્રાણલાલ શાહ સાથે લગ્ન કર્યું છે. તેમને બે સંતાનો છે : કૌશલ અને નીરવ.